# ગાંધીનગર અને આસપાસ ડેન્ગ્યુનો હાહાકાર

## સેક્ટર-૨૨માં ડેન્ગ્યુથી યુવાન ધાર્મિલ દવેનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સે. ૨૨માં આજે ડેન્ગ્યુના કારણે આશાસ્પદ સી.એ.નો અભ્યાસ કરતા ધાર્મિલ જયેશભાઈ દવે નામના યુવાનનુ મોત થયુ છે.

આજે સવારે ધાર્મિલના થયેલ અવસાનના સમાચાર વાયુવેગે શહેરમાં અને સેક્ટરમાં પ્રસરતા ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ હતી. શહેરમાં ડેન્ગ્યુના કારણે આ બીજુ મોત થયુ છે. અગાઉ સે. ૨૩માં એક પરણીતાનુ મોત થયુ હતુ.

આજે વાહકજન્ય રોગચાળાને લઈ મનપાનુ આરોગ્યતંત્ર પણ હરકતમાં આવી ગયુ છે અને શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરના વિવિધ સેક્ટરો ખાસ કરીને સે. ૩, ૪, ૫, ૨૪ અને ૧૫ આ વખતે વાહકજન્ય રોગચાળા માટે વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યા છે. તંત્રએ આ સેક્ટરોમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કર્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નગરના પૂર્વ મેયરના પુત્રને પણ ડેન્ગ્યુ પોઝીટીવ જણાતાં તેને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ધાર્મિલને તાવ આવતાં શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ આ પછી તે

● અનુસંધાન પાન-૭ પર




હોસ્પિટલો ઉભરાઈ - છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના દર્દીઓના થતાં ઝડપી વધારાના પગલે શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલો ડેન્ગ્યુ અને વાઈરલના દર્દીઓથી ઉભરાઈ છે... નવરાત્રીના પ્રારંભે થયેલા વરસાદના પગલે ભરાયેલા ખાબોચીયામાં ડેન્ગ્યુના બ્રિડીંગ વ્યાપક પ્રમાણ થતાં ગાંધીનગરમાં ડેન્ગ્યુનો હાહાકાર મચ્યો છે.

## તંત્ર હરકતમાં આવ્યુ

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે. તંત્રએ શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સતત સર્વેલન્સ સઘન બનાવવા તેમજ એન્ટી લારવેલની કામગીરી કરવા માટેની સૂચનાઓ જારી કરી છે.

**● છેલ્લા ૧૧ દિવસમાં ૪૭ કેસ**

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૧૧ દિવસમાં ૪૭ કેસ ડેન્ગ્યુના મનપાના ચોપડે નોધાયા છે. આ કેસ સિવિલ હોસ્પિટલમાં થયેલા આઈ.જી.એમ અને એન.એસ.-૧ના આધારે નોંધાયા છે.

ખાનગી હોસ્પિટલોમાં અને ખાનગી લેબોરેટરી દ્વારા ટેસ્ટ કરાયેલા અને સારવાર લઈ રહેલા દદીઓ અંગે તંત્ર મૌન સેવી રહ્યું છે.

**● શહેરમાં ચાર વર્ષ પછી ડેન્ગ્યુનો કહેર વધ્યો**

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં આટલો મોટો ચાર વર્ષ પછી જોવા મળ્યો છે. ચાર વર્ષ અગાઉ શહેરમાં ડેન્ગ્યુથી એક મોત થયુ હતુ. આ વખતે શહેરમાં ડેગ્ન્યુના કારણે બે મોત થયા છે. તંત્રએ આ વખતે સર્વેલન્સને પણ સઘન બનાવ્યુ છે.

**● ગ્રામીણ વિસ્તારમાં પણ કેસો**

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પણ ડેન્ગ્યુના કેસો નોંધાયા છે.



જિલ્લામાં ૧૪૦થી વધુ કેસો આજ સુધીમાં નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં સરગાસણ, વાવોલ, કુડાસણ, વાસણા હડમતિયા, ખોરજ, સુઘડ, ભાટ, કોટેશ્વર જેવા સંવેદનશીલ વિસ્તારો બન્યા છે.

જિલ્લામાં ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાતા આ વિસ્તારમાં ખાસ કરીને આદરજમોટી પી.એચ.સી.ના વિસ્તારોમાં વધુ કેસ જોવા મળી રહ્યા છે તેમજ દર સપ્તાહે જિલ્લાની ટીમો દ્વારા અહિ સર્વેલન્સ થાય છે અને નોટીસો અપાય છે પરંતુ તંત્રની કામગીરીની અસરકારકતા જોવા મળતી નથી.

**● આનંદવાટિકામાં સર્વેલન્સ દરમ્યાન ૮ સ્થાનોએ બ્રિડીંગ મળ્યા**

ધાર્મિલનુ ઘર અને મેયર રીટાબેન પટેલના નિવાસસ્થાનની નજીક છે. આનંદવાટિકા વિસ્તારમાં કેસો વધી રહ્યા હોવાની ફરિયાદને પગલે ત્રણ દિવસ પહેલાં જ તંત્રની ટીમો દ્વારા ખાસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ. આ ટીમોએ કરેલ સર્વેલન્સ દરમ્યાન ૮ થી વધુ નિવાસસ્થાનોમાં ડેન્ગ્યુના મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

## તંત્ર સતર્ક રહે, વાહકજન્ય રોગચાળો વકરી શકે છે : આરોગ્ય કમિશનર

### અધિક નિયામકે બે પાનાનો પત્ર પાઠવી ૧૧ જેટલી તાકીદની સૂચનાઓ આપી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર, જામનગર અને અમદાવાદ સહિત રાજ્યમાં ડેન્ગ્યુના વધતા જતા કેસોને પગલે આરોગ્ય કમિશનરે તાબડતોબ વિડીયો કોન્ફરન્સ કરી અને તમામ જિલ્લાઓના આરોગ્ય તંત્રને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કહ્યુ છે.

આરોગ્ય કમિશનરની વિડીયો કોન્ફરન્સમાં તેમણે એડીસ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી સાનુકૂળ વાતાવરણ હાલ પ્રવર્તતુ હોવાથી તંત્રને પરિસ્થિતિ પર નજર રાખવા સાથે જ્યાંથી વધુ કેસો નોંધાતા હોય તેવા વિસ્તારોમાં ઈન્ડોર ફોગીંગના તાત્કાલિક પગલાં લેવા પણ સૂચવ્યુ છે.

બે દિવસ પહેલા તેમણે રાજ્યના તમામ કમિશનરો અને ડી.ડી.ઓ.ને પત્ર લખી એન્ટી લારવેલ સહિત સર્વેલન્સની કામગીરીના અસરકારક મોનીટરીંગ માટે આગ્રહ કર્યો હતો. આ પત્રમાં તેમણે ઓગષ્ટથી ઓક્ટો. મહિના સુધી વાહકજન્ય રોગચાળો વકરી શકે છે તેથી વધુ અસરકારક મોનીટરીંગની વાત કરી હતી.

રાજ્યમાં આ વર્ષે સામાન્ય કરતાં વધુ વરસાદ થતાં ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગના ફેલાવા માટે સાનુકૂળ પરિબળો ઉત્પન્ન થયા છે ત્યારે આ રોગચાળાને નાથવા માટે ૧૧ જેટલા તાકીદે પગલાં લેવા સૂચવ્યુ છે.

ગઈકાલે આરોગ્ય કમિશનરે આ અંગે વિડીયો કોન્ફરન્સ પણ યોજી તંત્રને સતર્ક રહેવા માટે કડક તાકીદ કરી હતી.

અધિક નિયામકની સહિથી જારી કરાયેલા પત્રમાં સાપ્તાહિક ધોરણે રહેણાંક, ધંધાકીય, બાંધકામના સ્થળો તેમજ અન્ય

● અનુસંધાન પાન-૭ પર

## વાઈરલ ફિવરથી પેથાપુરની તરૂણી અંશીતાબા વાઘેલાનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં વાઈરલ ફીવરના વધતા જતા કેસો પણ તંત્ર માટે પડકારરૂપ બન્યા છે. આજે પેથાપુરની એક તરૂણીનુ આ વાઈરલ ફીવરથી મોત નીપજ્યુ હતુ.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અંશીતાબા વાઘેલા ઉર્ફે અનન્યાબા વાઘેલાને છેલ્લા ત્રણ દિવસથી સખ્ત તાવ આવતો હતો. પહેલાં સ્થાનિક સારવાર પછી પણ તાવ ના ઉતરતાં ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતી. આ તરૂણીને પહેલાં ડેન્ગ્યુ જેવી અસર જણાતી હતી પરંતુ એન.એસ.૧ અને આઈ.જી.એમ. એમ બન્ને ટેસ્ટ નેગેટીવ આવ્યા હોવાનુ જાણવા મળેલ છે. આ બાબતે તંત્ર દ્વારા તરૂણીના રહેઠાણ ખાતે તેમજ આસપાસના ઘરોમાં પણ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી જો કે અન્ય કોઈ ફિવરના કેસ નહિ મળ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

પેથાપુર, રાંધેજા, રૂપાલ, સરઢવ, નારદીપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ડેન્ગ્યુના કેસો છુટાછવાયા વધી રહ્યા છે. તંત્ર દ્વારા આ વિસ્તારોમાં સઘન અને સતત સર્વેલન્સના આદેશો જારી કરાયા છે.

જિલ્લામાં વાઈરલ ફિવરના કેસો પણ મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓ.પી.ડી.માં પણ ભારે વધારો થયો છે. અત્યારે હાલ રોજના સરેરાશ ૧૨૦૦થી વધુ કેસો ઓ.પી.ડી.માં જોવા મળી રહ્યા છે. વાઈરલ ફિવરના કેસો સરેરાશ ૪૦ થી ૫૦ જેટલા હોવાનુ હોસ્પિટલના સૂત્રોનું કહેવુ છે.

## રાજ્યના સરકારી કર્મચારીને દિવાળી પહેલા પગાર કરાશે

### વર્ગ-૪ના કર્મચારીઓને ૩૫૦૦ની મર્યાદામાં બોનસ અપાશે : પેન્શનરોને પણ દિવાળીની ભેટ

ગાંધીનગર,તા.૧૧

નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને રાજ્ય સરકારના અધિકારી/કર્મચારી/પેન્શનરો ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે તેઓનો ઓક્ટોબર માસનો પગાર અને પેન્શન દિવાળી પહેલા ચુકવી દેવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, દિવાળીના તહેવારોને ધ્યાને લઈને રાજ્ય સરકારના ૫.૧૧ લાખ અધિકારી/કર્મચારીઓ ઓક્ટોબર મહિનાનો પગાર પણ આ જ મહિનામાં તા.૨૧/૨૨/૨૩ ઓક્ટોબર દરમ્યાન ચુકવવામાં આવશે તથા ૪.૫૪ લાખ પેન્શનરોને પણ તેમનું પેન્શન આ જ તારીખો દરમ્યાન ચુકવી દેવામાં આવશે.

રાજ્ય સરકારના આ નિર્ણયનો લાભ સરકારી અધિકારી/કર્મચારી/પેન્શનરો ઉપરાંત પંચાયત સેવાના કર્મચારીઓ, અનુદાનીત શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓ તથા કરાર આધારીત કર્મચારીઓને મળશે. દરમિયાન નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને વર્ગ-૪ ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે તેઓને બોનસ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારે વર્ગ-૪ ના કર્મચારીઓને ૩૫૦૦/- ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. આનો લાભ રાજ્ય સરકાર અને પંચાયત, ગ્રાન્ટા ઈન એઈડ (માન્યતાવાળા કર્મચારીઓ) તથા બોર્ડ નિગમના વર્ગ-૪ ના એકત્રીસ હજાર પાંચસો છન્નું કર્મચારીઓને લાભ મળશે. સચિવાલય સ્ટાફ એસોસિએશન દ્વારા દિવાળી પહેલા પગાર કરવાની રજૂઆત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને કરવામાં આવી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયે નાણા વિભાગના અધિક મુખ્ય સચિવને પત્ર લખી કર્મચારીઓના વહેલા પગાર કરવાની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

## શહેરના પ્રવેશદ્વારે વૃક્ષો કપાતા ભારે આક્રોશ

### ચિલોડા સરખેજ માર્ગને અપગ્રેડ કરવાના પ્રોજેક્ટ અન્વયે હરિયાળા વૃક્ષોનુ નિંકદન અંદાજિત ૩૦૦ વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો : પર્યાવરણ પ્રેમીઓ આગબબુલા

ગાંધીનગર તા ૧૧

ચિલોડા સરખેજ માર્ગને અપગ્રેડ કરવાની યોજના અન્વયે રૂટમાં આવતા વૃક્ષોની અગાઉ પણ કટોતી કરવામાં આવી હતી. જયારે આજે પણ ઘ-૦ થી ચ-૦ માર્ગ વચ્ચે તંત્ર દ્વારા વૃક્ષોની કટોતી કરવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તયો હતો. આ વિસ્તારમાં અંદાજિત ૩૦૦ જેટલા વૃક્ષોનુ નિકંદન વળશે. શહેરમાં વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળતા નગરજનો આગ બબુલા બન્યા છે.

ચિલોડ સરખેજ હાઈવેના નવિનીકરણનુ કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર અમદાવાદને જોડતા એસ જી હાઈવેને સિકસલેન કરવા તેમજ સાઈડમાં સર્વિસ રોડ બનાવવાની યોજના સંદર્ભે છેલ્લા કેટલાક સમયથી પુરજોશમાં કામ ચાલી રહ્યુ છે. જયારે આ રૂટમાં વિવિધ સાત જેટલા જંકશન પર ઓવર બ્રિજ બનાવવાનુ પણ આયોજન કરાયુ છે. અસ જી હાઈવે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકની દ્રષ્ટીએ શિરદર્દ સમાન બન્યો છે. વાહનોની સંખ્યા વધતા ટ્રાફિકની અવરજવર વધી છે. જેના લીધે ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગ પર રોજબરોજ ચક્કાજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેને અનુલક્ષીને આ માર્ગને અપગ્રેડ કરવાના તોતિંગ અને ખર્ચાળ પ્રોજેકટનુ કામ હાથ ધરાયુ છે. પરંતુ આ પ્રોજેકટની કામગીરી દરમિયાન અત્યાર સુધી રૂટમાં આવતા સેંકડો વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી છે. જેના લીધે પર્યાવરણ પ્રેમીઓમાં ઉગ્ર રોષ પ્રવર્તયો છે. આ પ્રોજેકટની કામગીરી અન્વેય નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વૃક્ષોની કટોતી અન્વયે વનતંત્રને વળતર પણ ચુકવાયુ છે. જયારે આ અન્વયે અન્ય ઠેકાણે નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે. બીજીતરફ વૃક્ષોની કટોતીથી નગરના પર્યાવરણ પ્રેમીઓ આગ બબુલા બન્યા છે. શહેરમાંથી પસાર થતા આ ધોરીમાર્ગના લીધે ઘ-૦ થી ચ-૦ વચ્ચેના બેલ્ટમાં અસ્તિત્વ ધરાવતા વૃક્ષોની પણ આજે





● અનુસંધાન પાન-૭ પર



બેસણું

ચીલોડા (ડભોડા), તા.જી.ગાંધીનગર નિવાસી હીરાકાશી પરિવારના સુપુત્ર **નવનીતભાઈ હીરાભાઈ પટેલ (યુ.એસ.એ.)** મુકામે તા.૦૫-૧૦-૨૦૧૯ ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૩-૧૦-૨૦૧૯ ને રવિવારે સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : કડવા પાટીદાર સમાજ હોલ, ઉમિયા માતાજી મંદિર કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.

કુશલ નવનીતભાઈ પટેલ (પુત્ર)
રમણભાઈ હીરાભાઈ પટેલ
કેશવભાઈ હીરાભાઈ પટેલ
મધુબેન નટવરલાલ પટેલ (નવાનગર)
સવિતાબેન (સીતાબેન) નવનીતભાઈ પટેલ (પત્ની)
કાંતીભાઈ હીરાભાઈ પટેલ (એડવોકેટ)
અશોકભાઈ હીરાભાઈ પટેલ (એડવોકેટ)
(ચેરમેનશ્રી : એ.પી.એમ.સી.ગાંધીનગર)
રંજનબેન પરેશકુમાર પટેલ (ચંદ્રાલા)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ અને સમયે રાખેલ છે.

ત્રિકમલાલ કાળીદાસ પટેલ (ધડકણ, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા)
મહેશભાઈ ત્રિકમલાલ પટેલ | પોપટભાઈ ત્રિકમલાલ પટેલ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com